L09004802730
Sender Name: ED (E&A)
Received Date 05/05/2015

ક્રમાંક : જીઆઇડીસી/ઓએન્ડએ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૨૪/ ૦૨
જીઆઇડીસી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા. ૦૪/૦૫/૨૦૧૫

// પરિપત્ર //

વિષય :- નિગમ દ્વારા જારી કરવામાં આવતા તબદીલીના શરતી હુકમની શરતોમાંની નાણાંકીય સિવાયની બાકી રહેલી અન્ય શરતોની પુર્તતા સંદર્ભે થતા વિલંબને નિયમીત કરવા તથા તે બાબતે જારી કરવાના થતાં આખરી તબદીલી હુકમને મંજુરી આપવા બાબત.

સંદર્ભ: (૧) પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૨૪/ ૨૩, તા.૨૧/૦૮/૨૦૧૨

(૨) પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએ /સીઆઇઆર /વિતરણ /પોલીસી /૨૪ / ૦૮, તા.૨૦/૦૫/૨૦૧૪

(૩) નિગમની ૪૭૮મી સભામાં પસાર થયેલ ઠરાવ ક્રમાંક : ૧૪/વિતરણ/૪૭૮/૨૦૧૫.

નિગમ દ્વારા જારી કરવામાં આવતા તબદીલીના શરતી હુકમોની શરતોમાંની નાણાંકિય બાબતો સિવાયની બાકી રહેલ અન્ય શરતો ની પુર્તતા સંદર્ભે થતાં વિલંબને નિયમિત કરી જારી કરવાના થતાં આખરી તબદીલી હુકમની મંજુરી આપવા અંગે સંદર્ભ-૨, તા. ૨૦/૦૫/૨૦૧૪ ના પરિપત્રથી જરુરી સુચનાઓ પરિપત્રિત થયેલી છે. આ પરિપત્ર મુજબ નાણાંકીય બાબતો સિવાયની શરતીય તબદીલી હુકમની બાકી રહેતી શરતોની પુર્તતામાં થયેલ વિલંબની નિયમિત કરી આખરી તબદીલી હુકમ જારી કરવાની મંજુરી આપવાની સત્તા ઉપા. અને વ.સં.શ્રી હસ્તક છે.

શરતોની પુર્તતા બાબતે થતાં વિલંબનો સમયગાળો નિશ્ચિત કરવાનો તેમજ આ વિલંબનો ગાળો નિયમિત કરી આખરી તબદીલી હુકમ જારી કરવાની મંજુરી આપવાની સત્તા ક્ષેત્રીય કચેરીને સોંપવાની જરુરિયાત જણાંતા આ બાબતે એક કાર્યસુચિ નિગમના નિયામક મંડળશ્રીની ૪૭૮મી સભામાં સાદર કરવામાં આવે અને સંદર્ભ-૩થી થયેલ ઠરાવ મુજબ, સંદર્ભ-૨ ના તા. ૨૦/૦૫/૨૦૧૪ના પરિપત્રથી પરિપત્રીત થયેલ નીતિ વિષયક સુચનામાં નીચે દર્શાવ્યા મુજબનો ફેરફાર કરવામાં આવે છે. આ ફેરફાર સિવાય આ પરિપત્ર ની અન્ય તમામ બાબતો યથાવત રાખવામાં આવે છે.



pl. put up on website & report today.
5/5
AVT

"તબદીલી ના શરતી હુકમોમાં નાણાંકીય બાબતો સિવાય અન્ય શરતોની પુર્તતા માં થતાં વિલંબના કિસ્સામાં જારી કરેલ કામચલાઉ શરતીય તબદીલી હુકમ તેની મુળ શરતો પ્રમાણે પુન: જીવીત કરવાની કાર્યવાહિ એક વર્ષ સુધીમાં જ કરવાની રહેશે. એક વર્ષ બાદ ના કિસ્સાઓ પુન: વિચરણા કરવા માટે રજુ કરવા ના રહેશે નહી અને અરજદારે તબદીલી માટે ફરીથી અરજી કરવાની રહેશે તેમજ વિલંબનો એક વર્ષસુધી નો સમય ગાળો નિયમિત કરી આખરી તબદીલી હુકમ જારી કરવાની મંજુરી આપવાની સત્તા અધિકાર વિભાગીય પ્રબંધકશ્રી ને આપવામાં આવે છે."

સહી/-

ઉપાધ્યક્ષ અને વહિવટી સંચાલક

<u>પ્રતિ:</u>- નિગમના તમામ અધિકારીશ્રીઓ ....... તરફ જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાના :</u>

- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ...... તરફ જાણ સારૂ.
- પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહતો મંડળો ...... તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી, (એસ એન્ડ એ), જીઆઇડીસી, ગાંધીનગર..... નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું :

કાર્યપાલક નિયામક(ઇ એન્ડ એ)